# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*********************************************

- ✓ લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના પ્રચાર પડઘમ શાંત થયાં. 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 93 બેઠકો માટે આવતીકાલે મતદાન થશે.
- ✓ લોકસભાની ચૂંટણીના અન્ય તબક્કા માટે ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો - વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશભરમાં રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે.
- ✓ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે જાહેરનામું પ્રસિધ્ધ થશે
- ✓ કેરળ અને તામિલનાડુના દરિયાકાંઠે યલો એલર્ટ જાહેર કરાયું છે.
- ✓ મણિપુરમાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાહત શિબિરોમાં 'સ્કૂલ ઓન વ્હીલ્સ' પહેલ કરાઈ
- ✓ **IPL** ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સ **(KKR)** એ લખનૌના એકાના સ્ટેડિયમમાં યજમાન લખનૌ સુપર જાયન્ટ્સને 98 રનથી હરાવ્યું – આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો સનરાઇઝ હૈદરાબાદ સામે

✓ *********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAIGNING

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના પ્રચાર પડઘમ શાંત થયાં. 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની 93 બેઠકો માટે આવતીકાલે -મંગળવારે આ તબક્કામાં મતદાન થશે. આ તબક્કામાં ગુજરાતમાં 25, કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11 અને ઉત્તર પ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત મધ્યપ્રદેશની નવ, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો, ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની બે-બે બેઠકો પર પણ મતદાન થશે.

દરમિયાન, લોકસભાની ચૂંટણીના અન્ય તબક્કા માટે ચૂંટણી પ્રચાર તેજ બની રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશભરમાં રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતાનરેન્દ્ર મોદી ઓડિશામાં પાર્ટીના લોકસભા અને વિધાનસભાના ઉમેદવારોના પ્રચાર માટે ગઈકાલે રાત્રે ભુવનેશ્વર પહોંચ્યા હતા.

શ્રી મોદી આજે ગંજમ જિલ્લાના ગોપાલપુર વિધાનસભા મતવિસ્તાર હેઠળના કનિશી ખાતે એક વિશાળ જાહેર સભા અને ઓડિશાના નબરંગપુર જિલ્લામાં ચિકિલી મેદાનમાં બીજી જાહેર સભાને સંબોધવાના છે. ચાર તબક્કામાં 13મીમેથી એકસાથે યોજાનારી લોકસભા અને ઓડિશા વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદ પ્રધાનમંત્રીની ઓડિશાની આ પ્રથમ મુલાકાત છે.

દરમિયાન, ઉત્તર પ્રદેશના કોંગ્રેસના પ્રભારી અવિનાશ પાંડેએ ફૂલપુર મતવિસ્તારમાં સંયોજકોની બેઠક યોજી હતી. બીજી બાજુ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પણ ગઈ કાલે આગરા જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી.

પ્રધાનમંત્રી  અને ભાજપના વરિષ્ઠ નેતા, નરેન્દ્ર મોદીએ ગઈકાલે અયોધ્યામાં રોડ શો યોજ્યો હતો અને પક્ષના ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો. સુગ્રીવ કિલા વિસ્તારમાંથી રોડ શો શરૂ કરતા પહેલા તેમણે રામલલાના દર્શન અને પૂજન કર્યા હતા. આ વર્ષે 22 જાન્યુઆરીએ અભિષેક સમારોહ પછી રામલલાની આ તેમની પ્રથમ મુલાકાત હતી.

શ્રી મોદીએ અયોધ્યામાં સુગ્રીવ કિલાથી લતા ચોક વિસ્તાર સુધી બે કિલોમીટર લાંબો રોડ શો યોજ્યો હતો. આગાઉ પ્રધાનમંત્રીએ કોવિડ મુદ્દે ઉત્તર પ્રદેશના ઇટાવા જિલ્લામાં એક ચૂંટણી રેલીમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર પ્રહાર કર્યાં હતા.

તેમણે કહ્યું કે આ પક્ષોએ કોવિડ સમયગાળા દરમિયાન લોકોને ઉશ્કેરવાનો અને જુઠ્ઠાણા ફેલાવવાનો પ્રયાસ કર્યો જ્યારે તેમની સરકાર અને વૈજ્ઞાનિકો દેશવાસીઓના જીવન બચાવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. બાદમાં, શ્રી મોદીએ સીતાપુર જિલ્લામાં બીજી ચૂંટણી રેલીને સંબોધી હતી.

.......3.........

બીજી તરફ સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે આગરા જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. નિઝામાબાદ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયમંત્રી અમિત શાહે ગઈકાલે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીને ફરીથી પ્રધાનમંત્રી  બનાવવાનો અર્થ છે કે દેશમાંથી આતંકવાદ અને નક્સલવાદને સંપૂર્ણ રીતે ખતમ કરવો.

દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે આરોપ લગાવ્યો હતો કે એનડીએ દ્વારા ભારતીય બંધારણને બદલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નિર્મળ ખાતે આયોજિત ચૂંટણી રેલીમાં બોલતા તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના નેતાઓ આદિવાસીઓ અને દલિતોના અધિકારોને છીનવી રહ્યા છે. તેમણે ખાતરી આપી હતી કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો દરેક ગરીબ મહિલાને એક લાખ રૂપિયા આપવામાં આવશે અને દરેક યુવકને રોજગાર આપવામાં આવશે.

# LS 7 TH PHASE

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે. ઉત્તરપ્રદેશ અને પંજાબની 13-13 બેઠકો, પશ્ચિમ બંગાળની નવ બેઠકો, બિહારની આઠ બેઠકો, ઓડિશાની છ બેઠકો, હિમાચલ પ્રદેશની ચાર બેઠકો, ઝારખંડની ત્રણબેઠકો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક પર આ સાતમી બેઠક પર મતદાન થશે.આ તબક્કા માટે 14 મે સુધી નામાંકન દાખલ કરી શકાશે. આ તબક્કા માટે પહેલી જૂને મતદાન થશે.

# MANIPUR - SCHOOL ON WHEELS

મણિપુરમાં, રાજ્યપાલ સુશ્રી અનુસુયા ઉઇકેએ ગઈકાલે ઇમ્ફાલમાં આયોજિત સમારોહમાં 'સ્કૂલ ઓન વ્હીલ્સ'નું ઉદ્ઘાટન કર્યું. વિદ્યા ભારતી શિક્ષા વિકાસ સમિતિ મણિપુર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પહેલનો ઉદ્દેશ્ય રાજ્યમાં રાહત શિબિરોમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનો છે. બસમાં ચાલતી આ શાળા એક શિક્ષક સાથે પુસ્તકાલય, કમ્પ્યુટર અને રમતગમતની વસ્તુઓથી સજ્જ છે અને રાજ્યમાં વિવિધ સ્થળોએ રાહત શિબિરોની મુલાકાત લે છે.

રાજ્યપાલે આ પહેલની પ્રશંસા કરી અને કહ્યું કે શિબિરોમાં રહેતા બાળકોને શિક્ષણમાં કોઈ ઉણપનો સામનો કરવો ન જોઈએ. તેણીએ કહ્યું કે આ પહેલ રાહત શિબિરોમાં રહેતા વિસ્થાપિત વિદ્યાર્થીઓ સુધી પહોંચવામાં મદદ કરશે. રાજ્યપાલે મુખ્ય સચિવને આવી બસોની સંખ્યા વધારવા માટે સમિતિને ટેકો આપવા પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# KERALA ALERT

કેરળ અને તામિલનાડુના દરિયામાં ઉચા મોજા ઉછળી રહ્યાં છે. આ સ્થિતિને કારણે ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશિયન ઇન્ફોર્મેશન સર્વિસિસ દ્વારા કેરળ અને તામિલનાડુના દરિયાકાંઠે યલો એલર્ટ જાહેર કરાયું છે. આ ચેતવણી આજે રાત્રે 11 વાગીને ત્રીસ મિનિટ સુધીની છે..

તિરુવનંતપુરમ, કોલ્લમ, થ્રિસુર વગેરેના દરિયાકાંઠાના ઘણા વિસ્તારોમાં દરિયો તોફાની બન્યો છે . લોકોને દરિયા કિનારના પ્રદેશો માથી ખસેડવામાં આવી રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં હાઈ એલર્ટ હોઈ લોકોને દરિયાકાંઠાના વિસ્તારોમાં મુસાફરી ન  કરવાની ચેતવણી આપવામાં આવી છે. માછીમારોને જ્યાં સુધી પરિસ્થિતિ સારી ન થાય ત્યાં સુધી કેરળના દરિયો ન ખેડવા સૂચના આપાઈ છે

# J&K

જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં, પોલીસે સુરક્ષા દળો સાથે મળીને દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં બે આતંકવાદીઓની ધરપકડ કરી છે.

મળેલી બાતમીના આધારે, પોલીસે. સુરક્ષા દળો સાથે કરેલ ચેકિંગ દરમિયાન, બે આતંકવાદી ધરપકડ કરી અને તેમની પાસેથી 01 પિસ્તોલ, 01 મેગેઝિન, 08 રાઉન્ડ અને 02 ચાઇનીઝ ગ્રેનેડ અને અન્ય ગુનાહિત સામગ્રી સહિત હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો. ઇમામ સાહિબ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધી અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# NEET UG

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ રવિવારે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ NEETનું આયોજન કર્યું હતું. દેશભરના 557 શહેરો અને ભારતની બહારના 14 શહેરોમાં જુદા જુદા કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષા માટે 24 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

જોકે નેશનલ ટેસ્ટિંગ એજન્સીના જણાવ્યા અનુસાર રાજસ્થાનના સવાઈ માધોપુરમાં એક પરીક્ષા કેન્દ્ર પર પ્રશ્નપત્રોનું ખોટું વિતરણ થયું હતું. જ્યારે નિરીક્ષક ભૂલ સુધારી તે પહેલા કેટલાક ઉમેદવારો પ્રશ્નપત્ર લઈને કેન્દ્ર છોડી ગયા હતા. આ એક ઘટના બાદ દેશભરના અન્ય તમામ પરીક્ષા કેન્દ્રો પર સરળતાથી અને શાંતિપૂર્ણ રીતે પરીક્ષા થઇ હતી. NTAએ જણાવ્યું હતું કે, શૈક્ષિણિક કારકીર્દી પર કોઇ અસર ન પડે તે માટે રાજસ્થાનના કેન્દ્રમાંથી આશરે 120 ઉમેદવારોની પરીક્ષા લેવામાં આવી હતી.

# SHRILANKA FERRY SERVICE

ભારત અને શ્રીલંકા વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસ આ મહિનાની 13મી તારીખે ફરી શરૂ થશે. આ સેવા હંગામી ધોરણે  ઘણી ઓછી કિંમતે શરૂ કરવામાં આવનારી છે.. આ સેવા ભારતના નાગાપટ્ટિનમ અને શ્રીલંકાના ઉત્તરીય પ્રાંતમાં જાફના નજીક કંકેસંથુરાઈને જોડશે.

શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઓક્ટોબર 2023માં ફેરી સેવા શરૂ કરવામાં આવી હતી. ફેરી સેવાનું સંચાલન ખાનગી ઓપરેટર દ્વારા કરવામાં આવશે. શ્રીલંકાની આર્થિક કટોકટીના સમયે પણ ભારત મજબૂત રીતે શ્રીલંકાની સાથે રહ્યું હતું અને આ ફેરીસર્વિસ જેવી યોજનાઓ દ્વારા શ્રીલંકાને આર્થિક રીતે સહાય કરવા માટે ભારતની તત્પરતા છતી થાય છે.

# IPL

**IPL** ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સ **(KKR)** એ લખનૌના એકાના સ્ટેડિયમમાં યજમાન લખનૌ સુપર જાયન્ટ્સને 98 રનથી હરાવ્યું. પીછો કરતા લખનૌની ટીમ 16.1 ઓ વરમાં 137 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીની બોલિંગ જોડી એ મહત્વની ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી, કોલકાતા નાઈટ રાઈડર્સ **KKR**એ 20 ઓવરમાં છ વિકેટે 235 રન બનાવ્યા.

કોલકાતા તરફથી સુનીલ નારાયણે માત્ર 39 બોલમાં 81 રન બનાવ્યા હતા. જ્યારે લખનૌ તરફથી નવીન ઉલ હકે ત્રણ વિકેટ ઝડપી હતી. આ જીતથી **KKR** 16 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે.આ પહેલા ગઈકાલે સાંજે રમાયેલી અન્ય મેચમાં ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સને 28 રનથી હરાવ્યું હતું.

આ જીત સાથે, ચેન્નાઈ સુપર કિંગ્સ- **CSK** પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને જ્યારે **PBKS-** પંજાબ કિંગ્સ આઠમાં સ્થાને છે. આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે.

# ICC WOMEN'S T20 BANGLADESH

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ રવિવારે બાંગ્લાદેશમાં 3 થી 20 ઓક્ટોબર દરમિયાન યોજાનાર નવમા ICC મહિલા T20 વર્લ્ડ કપ2024 માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ICC એ એક યાદીમાં જણાવ્યું છે કે , દસ ટીમો બાંગ્લાદેશના બે સ્થળો, ઢાકાના શેરે બાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ અને સિલ્હેટના સિલ્હેટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 23 મેચ રમશે.

ઢાકામાં એક કાર્યક્રમમાં આ માહિતી આપવામાં આવી હતી, જેમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ શ્રીનઝમુલ હસન, ICCના CEO અને ભારત અને બાંગ્લાદેશની મહિલા ટીમના કેપ્ટન- હરમનપ્રીત કૌર અને નિગાર સુલતાનાની સાથે જ્યોફ એલાર્ડિસે હાજરી આપી હતી. વર્લ્ડ કપમાં , 4 ઓક્ટોબરે ભારતનો પ્રથમ મુકાબલો સિલ્હટમાં ન્યુઝીલેન્ડ સામે થશે.